રાષ્ટ્રીય સામાજીક સહાય હેઠળની
નવા નામાભિમાનવાળી સંકટ મોચન
યોજના(રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના)ની વહિવટી
મંજુરી બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃએનએસએપી–૧૦૨૦૦૨–આઈ–૨૪૬–છ
તારીખ: – 6 JAN 2005

(૧) ભારત સરકારનાં ગ્રામીણ વિકાસ મંત્રાલયના તાઃ૧૪–૮–૯૫ નો અ.સ.પત્ર નં. પી–૧૮૦૨૦–૧–૯૫–એનએસએપી.
(૨) સમાજકલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃવીએનપી–૧૦૯૫–આઈ–૭૭–છ.૧ તાઃ૨૫–૯–૯૫
(૩) ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના તાઃ૫–૬–૦૨ ના અ.સ.પત્રક્રમાંકઃ જે–૧૧૦૨૦–૧૩૦૧–એનએસએપી
(૪) નિયામકશ્રી,સમાજ સુરક્ષા,ગાંધીનગરના તાઃ૨૦–૪–૦૪ ના પત્રક્રમાંકઃયજન–નવીબાબત રા.કુ.સ–૮૪

ઠરાવ

ભારેત સરકારના આમુખ ક્રમાંક–૨ માં નિર્દિષ્ટ તાઃ૫–૬–૦૨ ના પત્રથી રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ રાજય સરકારને સને ૨૦૦૨–૦૩ થી તબદીલ કરવામાં આવેલ.તબદીલી સ્વીકારવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.કાળજીપુર્વકની વિચારણાના અંતે રાજય સરકારે રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ હેઠળની (૧)રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અને (૨)રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાની તબદીલી સ્વીકારેલ છે.સને ૨૦૦૪–૦૫ ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં પણ આ યોજનાની પાછલા વર્ષોની બાકી ચુકવણી માટે જરુરી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે.આમુખમાં નિર્દીષ્ટ ક્રમાંક–૨ સામેના સમાજકલ્યાણ વિભાગના તાઃ૨૫–૯–૯૫ ના ઠરાવથી યોજનાનુ વહીવટીતંત્ર ગોઠવીને સહાયની યોજના અમલમાં મુકેલ હતી.યોજના હવે રાજય સરકારને તબદીલ થતાં અને રાજય સરકારે સ્વીકારેલ હોઈ યોજનાના ખર્ચને વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.કાળજીપુર્વકની વિચારણાના અંતે રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ હેઠળની
(૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના સને ૨૦૦૨–૦૩ થી સ્વીકારી લાભાર્થીઓને બાકી ચુકવણા કરવા માટે સરકારશ્રીની વહીવટી મંજુરી નીચેની શરતોએ આપવામાં આવે છે.
(૨) હવે પછીથી આ યોજનાનું હાલનું નામ બદલવાનો નિર્ણય થતાં નવુ નામ સંકટ મોચન યોજના રહેશે.

૨. સંકટ મોચન યોજના

આ યોજના હેઠળ કુટુંબ પરિવારની મુખ્ય કમાનાર વ્યક્તિનું કુદરતી સંજોગોમાં અથવા અકુદરતી કે અકસ્માતમાં મૃત્યુ થાય ત્યારે કુટુંબ ઉપર આવેલ આફતમાં તે કુટુંબને સહાયરુપ થઈ

શકાય તે માટે રુા.૧૦,૦૦૦/– સહાય તરીકે ચુકવવામાં આવશે. આ યોજના હેઠળ ચુકવણી માટે નીચેના ધારા ધોરણો લાગુ પડશે.

(૧) આ યોજના હેઠળ સહાયની પાત્રતા માટે ગરીબી રેખાની નીચે જીવન જીવતા (બી.પી.એલ) કુટુંબનો સમાવેશ થાય છે.

(૨) આવુ મૃત્યુ થાય ત્યારે મુખ્ય કમાનાર વ્યકિત (તે અથવા તેણીની)વય ૧૮ વર્ષથી વધુ અને ૩૫ વર્ષથી ઓછી હોવી જોઈએ.

(૩) કુદરતી સંજોગોને કારણે મૃત્યુ થયુ હોય તેવા કિસ્સામાં રુા.૫૦૦૦/– અને અકસ્માતને કારણે મૃત્યુ થાય તેવા સંજોગોમાં ઉચ્ચક કેન્દ્રીય સહાય રુા.૧૦,૦૦૦/–ની મર્યાદામાં મળવાપાત્ર થશે.

(૪) કેન્દ્ર પુરસ્કૃત આ યોજના હેઠળ મળનાર ગ્રાન્ટ ભારત સરકાર જેમ ફાળવે તેમ ગ્રાન્ટની ફાળવણી નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગરને ફાળવવામાં આવશે.નિયામકશ્રી,સમાજસુરક્ષાએ આ રકમ મળતા કલેકટરશ્રીઓને ફાળવવાના રહેશે. કલેકટરશ્રીઓએ લાભાર્થીઓને ચુકવવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) સહાય મેળવવા માટે આવેલી અરજીઓને મંજુર કરવા અંગે મહાનગરપાલિકા શહેરી વિસ્તાર/ગ્રામ્ય વિસ્તારમાં તેની મંજુરી અને ચકાસણી માટેની કાર્યવાહી નીચે મુજબ કરવાની રહેશે.

(અ) <u>મહાનગરપાલિકા હેઠળના વિસ્તારો</u>

<u>(ક)</u> ભારત સરકારે નકકી કરેલ ધારા ધોરણો પ્રમાણે આ અરજીઓની પાત્રતા ધ્યાનમાં રાખી તે અન્વયે સહાય મંજુર કરવાની સતા કમિશ્નરશ્રીને રહેશે.

(ખ) સહાય મેળવવાની અરજી સાથે કુટુંબના કુલ સભ્યો તેમાં કમાનાર વ્યકિતઓ,માહિતી વગેરે માહિતીના પુરાવા અંગે મહાનગરપાલિકાના સંબંધિત વોર્ડના કોઈપણ કાઉન્સીલર અથવા મેયર સ્થાયી કમિટિના અધ્યક્ષ પાસેથી પ્રમાણપત્ર મેળવીને અરજી સાથે સામેલ રાખવાના રહેશે.

(ગ) દાવા અરજી સાથે મૃત્યુ અંગે રજુ કરેલ પ્રમાણપત્ર અને અન્ય હકીકતો (જેવી કે ગરીબીરેખા નીચે જીવતા હોવા અંગેના પુરાવાઓ)વિગેરે સાચી હોવા અંગેની ચકાસણી સંબંધિત વોર્ડના સેનેટરી ઈન્સ્પેકટર અથવા ઉપલી કેડરના અધિકારીઓ મારફત થયા બાદ મ્યુનિ.કમિશ્નરશ્રીને મંજુરી માટે રજુ કરવાની રહેશે.આ બાબતમાં ચકાસણી અને મંજુરી અંગેના વિગતવાર નિયમો કમિશ્નરશ્રીએ નકકી કરવાની રહેશે.

(બ) <u>શહેરી વિસ્તાર</u>

(ક) મહાનગરપાલિકા સિવાયના વિસ્તારમાં સહાય મંજુર કરવાની સતા જે તે વિસ્તારના પ્રાંત અધિકારીશ્રીને સોંપવામાં આવે છે.

(ખ) શહેરી વિસ્તારમાં સહાય મેળવવાની અરજી સાથે કુટુંબના કુલ સભ્યો,તેમાં કમાનાર વ્યકિતઓ,આશ્રિતો વિગેરે માહિતીના પુરાવા અંગે,નગરપાલિકાના અધ્યક્ષ અથવા સંબંધિત વોર્ડના કાઉન્સીલર તરફથી પ્રમાણપત્ર મેળવીને અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.

(ગ) દાવા અરજી સાથે રજુ કરેલ મૃત્યુ પ્રમાણપત્ર અને અન્ય હકીકતો(જેવી કે ગરીબી રેખા નીચે જીવન જીવતા હોવા અંગેના પુરાવા વિગેરે)સાચી હોવા અંગેની ચકાસણી જે તે વિસ્તારના તલાટી–કમ–મંત્રી,નાયબ. મામલતદારશ્રી/મામલતદાર મારફત થયા બાદ મંજુરી માટે પ્રાન્ત અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

(ક) <u>ગ્રામ્ય વિસ્તાર</u>

અન્ય વિસ્તારો માટેની આવી દાવા અરજીઓ મંજુર કરવાની સતા સંબંધિત જીલ્લાના નાયબ જીલ્લા વિકાસ અધિકારી હસ્તક રહેશે.

(ખ) સહાય મેળવવાની અરજી સાથે,કુટુંબના કુલ સભ્યો,તેમાં કમાનાર વ્યકિતઓ,આશ્રિતો વિગેરે માહિતીના પુરાવા અંગે,ગામના સરપંચ અથવા ગ્રામ પંચાયતના એક સભ્ય તરફથી પ્રમાણપત્ર મેળવીને અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.

(ગ) દાવા અરજી સાથે રજુ કરેલ મૃત્યુ પ્રમાણપત્ર અને અન્ય હકીકતો (જેવી કે,ગરીબી રેખા નીચે જીવત જીવતા હોવા અંગેના પુરાવાઓ વિગેરે સાચી હોવા અંગેની ચકાસણી તલાટી-કમ-મંત્રીશ્રીને તાલુકા વિકાસ અધિકારી મારફત થયા બાદ નાયબ જીલ્લા વિકાસઅધિકારી ને મંજુરી માટે મોકલી આપવાની રહેશે.

૩. નિયામકશ્રી,સમાજ સુરક્ષાએ ભારત સરકારને "ફંડ ઉપયોગીતા પ્રમાણપત્ર" મોકલી આપીને બાકી રહેતી સહાયની રકમ મેળવવા વખતોવખત ભારત સરકારને દરખાસ્તો આ વિભાગની જાણ હેઠળ મોકલી આપવાની રહેશે તેમજ ભારત સરકારમાંથી રીએમ્બર્સ લેવાની જવાબદારી નિયામકશ્રીની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી નંબર ૯૨ -૨૨૩૫-સામાજીક સુરક્ષા અને કલ્યાણ- ૨-સમાજકલ્યાણ-૨૦૦-અન્ય કાર્યક્રમ (૦૩) અશકત અને વૃધ્ધ વ્યકિતઓને રોકડ સહાય-રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ(કેન્દ્ર પુરસ્કૃત યોજના)(આયોજન બહાર)માટે થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૫. આ યોજનાની અન્ય શરતો સંદર્ભ-૨ હેઠળના તા:૨૫-૯-૯૫ ના ઠરાવની જોગવાઈ મુજબ રહેશે.

૬. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૧૦-૮-૦૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નંદકિશોર પટેલ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,ગાંધીનગર.
સર્વે નાયબ મંત્રીશ્રીઓ/સંસદ સચિવશ્રીઓના અંગત સચિવશ્રી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
મહેસુલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના અન્ય વિભાગો
નિયામકશ્રી,સમાજસુરક્ષા,અમદાવાદ

અશકતતા કમિશ્નરશ્રી,ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર.
નિયામકશ્રી,નગરપાલિકાઓ
સર્વે મ્યુનિસીપલ કોર્પોરેશનો
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારી,અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર.
અન્ય પછાતવર્ગો માટેનુ પંચ,ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ,અમદાવાદ.
* સચિવશ્રી,તકેદારી આયોગ,ગાંધીનગર.
સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદાવાદ.
* સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર.
સમાજ કલ્યાણ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન
• કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસ,ગુજરાત રાજય,અમદાવાદ.
સર્વે જિલ્લા કલેકટરશ્રી,(તેમના તાબા હેઠળના પ્રાંત અધિકારીઓને જરુરી જાણ કરવાની વિનંતી સહ)
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તેમના તાબા હેઠળના સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને જરુરી જાણ કરવાની વિનંતી સહ.
વિભાગની તમામ શાખાઓ.
સિલેકટ ફાઈલ છ શાખા,સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
* પત્ર દવારા

સીએચએચટીજી પેજ ૩૮